**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૬ ટકા

# નવરાત્રિ પર્વે પ્રસાદીયા પેંડાની માંગમાં વધારો

## મિઠાઈની દુકાનોમાં ૪૦૦ થી ૪૮૦ રૂપિયે કિલોના ભાવે મળતા પ્રસાદીયા પેંડા

ગાંધીનગર, તા.૭

નવરાત્રિ પર્વ નિમિત્તે મિઠાઈઓની માંગમાં વધારો થયો છે. નવરાત્રિમાં પ્રસાદ તરીકે સૌથી વધારે ઉપયોગ નાના પેંડા એટલે કે પ્રસાદીયા પેંડા મિઠાઈની દુકાનોમાંથી વધુ વેચાતા હોય છે. આ પ્રસાદીયા પેંડા દર વર્ષે ડિમાન્ડમાં હોય છે. નવરાત્રિ ઉપરાંત અન્ય તહેવારોમાં પણ નાના પેંડાની માંગ રહેતી હોય છે.

તહેવારોને પણ મોંઘવારીનો માર વેઠવાવો વારો આવ્યો છે. મિઠાઈઓની દુકાનોમાં દરેક મિઠાઈના ભાવમાં ૧૦ ટકાનો વધારો થયો છે. નવરાત્રી પર્વમાં મળતા પ્રસાદીયા પેંડાનો ભાવ આ વર્ષે ૪૦૦ રૂપિયાથી ૪૮૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવમાં વેચાણ થઈ રહ્યું છે. મિઠાઈની દુકાનમાં અવનવી વેરાયટીઓ નવરાત્રી પર્વ નિમિત્તે આવી ગઈ છે. પરંતુ તેના ભાવમાં ગયા વર્ષ કરતા ૧૦ ટકાનો વધારો જોવા મળીર હ્યો છે. જેમાં શહેરની મિઠાઈની દુકાનોમાં નાના પ્રસાદીયા પેંડા, કાજુ કતરી, કંચનભોગ, મલાઈ ડીસુઝાના નાના નાના પીસ પ્રસાદમાં લઈ શકાય તે રીતે બનાવાયા છે. પ્રથમ નોરતું હતું જેમાં માતાજીના ભકતોએ પ્રસાદ તરીકે મિઠાઈઓની ખરીદી કરી હતી. આમ, નવરાત્રી પર્વના શરૂઆતથી જ મિઠાઈની માંગમાં વધારો જોવા મળી રહ્યો છે.



ગયા બે વર્ષ દરમિયાન કોરોના મહામારીના કારણે તહેવારો પર રોક થવાથી વ્યાપારીઓને ખોટ ગઈ હતી. જે આ વર્ષે મિઠાઈની દુકાનોમાં ઘરાકોની ભીડ જોતા દુકાનદારોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ગુજરાતીઓને સૌથી વધારે ગળપણ વાળી ચીજવસ્તુઓ પ્રિય હોય છે. એટલે કે ગુજરાતીઓ મિઠાઈના શોખીન હોય છે. વગર તહેવારોએ પણ મીઠાઈઓની દુકાનોમાં કોઈ દિવસ ગ્રાહકોની સંખ્યા ન હોય તેવું બને જ નહીં. નવરાત્રીના નવ દિવસોમાં પ્રસાદી માટે રેવડી, સાકરીયા, ચોકલેટસ, બુંદીના લાડુ, ફળ-ફળાદિ, ડ્રાયફ્રુટસ અનો અવનવી મીઠાઈઓની ડીમાન્ડ રહે છે. કેસર પેંડાની ખરીદી વધારે પ્રમાણમાં થતી હોય છે. નાના બાળકોથી લઈ સિનિયર સિટિઝન એમ દરેકને નાના પેંડા હોટ ફેવરિટ હોય જ છે.

ગૃહિણીઓ દ્વારા ઘરે મીઠાઈઓ બનાવવામાં આવે છે. યુ-ટયુબમાં અવનવી વાનગીઓની સંપૂર્ણ માહિતી મળી રહે છે તેથી ગૃહિણી માર્કેટમાં મળે તેવી જ સ્વાદિષ્ટ વાનગીઓ ઘરે બનાવે છે. આ વર્ષે પણ પ્રસાદમાં ઉપયોગી તમામ મિઠાઈઓ ઘરે બનાવીને શેરી તથા સોસાયટીઓમાં આરતી સમયે પ્રસાદ તરીકે વેચવામાં આવી રહી છે.



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શ્રાધ્ધમાં ૭૭ લાભાર્થીને ૮ વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું. ચાના પેકેટ, ગોળ, મગ, ફોતરા ૧ કિ.ગ્રા. ચોખા ૨ કિ.ગ્રા. સાબુ, કોપરેલ, નાસ્તો તથા અગરબત્તી આપી હતી. વાંટડામાં નેનો હવન કુંડ, સામગ્રી અર્પણ કર્યા હતા. જેમાં શ્રુતિ ગુપ્તે, મિલિન્દભાઈ આ કાર્યમાં ઉપસ્થિત રહ્યા હતા. નરેશભાઈ શાહે આ કાર્ય માટે દાન આપ્યું હતું.

## સે-૩ ન્યુ શિવશકિત મંદિરમાં પ્રથમ નોરતે ઘટસ્થાપન વિધિ



ગાંધીનગર, તા.૭

સેકટર-૩ ન્યુ શિવ શક્તિ મંદિર માં માતાજીની નવરાત્રિ પ્રસંગે પ્રથમ દિને ઘટ:સથાપન વિધિ વસાહતી વિષ્ણુભાઈ વૈષ્ણવના હસ્તે પૂજા અર્ચના સાથે કરવામાં આવી હતી. સૌ વસાહતીઓએ ઉમંગ ભેર દર્શનનો લાભ લીધો હતો.

## સે-૨૯ જલારામ મહિલા મંડળ દ્વારા ગરબાનું આયોજન

ગાંધીનગર, તા.૭

જલારામ મહિલા મંડળ દ્વારા નવરાત્રી નિમિત્તે ૧૦મીના રોજ લોહાણા સમાજની બહેનો માટે ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ રવિવારે ૩થી ૬ દરમિયાન યોજાશે. આ દરમિયાન ઉપસ્થિત રહેનાર તમામને સંસ્થા દ્વારા ફરજિયાત માસ્ક પહેરવા સાથે સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવા જણાવાયું છે.

## સરસ્વતી વિદ્યાલયમાં નશાબંધી સપ્તાહની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૭

સરસ્વતી વિદ્યાલય સેકટર-૬માં નશાબંધી અને આબકારી વિભાગ તરફથી નશાબંધી સપ્તાહની ઉજવણી અનુસંધાનમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઓલમ્પિકમાં બેડમિન્ટન ચેમ્પિયન પારૂલબેન પરમાર તેમજ નશાબંધી અને આબકારી વિભાગના ગોવિંદભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. વાઘેલા બઈબા દિપુજી**, ઉ.વ. ૭૫, દેલવાડ, માણસા
- **સ્વ. વાઘેલા દેવલકુમાર કનુભાઈ**, ઉ.વ. ૧૭, પાલજ
- **સ્વ. વાઘેલા શણગારબા શંકરજી**, ઉ.વ. ૬૫, પીંપળજ નવા
- **સ્વ. પરમાર લખીબેન સોમાભાઈ**, ઉ.વ. ૭૧, માણેકપુર, માણસા
- **સ્વ. ઠાકોર નાથીબેન મણાજી**, ઉ.વ. ૮૦, ઘેઘુ, માણસા
- **સ્વ. જાની વિજયભાઈ રમેશભાઈ**, ઉ.વ. ૬૫, સેકટર-૫
- **સ્વ. નાયક આનંદીબેન જયંતીલાલ**, ઉ.વ. ૭૮, સેકટર-૨

## કુડાસણ ખાતે શિવ મલ્ટી સર્વિસિસનો શુભારંભ




ગાંધીનગર, તા.૭

બ્રહ્માકુમારી કૈલાશદીદીજી દ્વારા કુડાસણ ખાતે 'શિવ મલ્ટી સર્વિસિસ'નો શુભારંભ કરવામાં આવ્યો છે. પહેલા નોરતાના પાવન દિવસે નવા ગાંધીનગરના કુડાસણમાં ૪૬ કૃષ્ણકુંજ કોમ્પ્લેક્સ ખાતે ગાંધીનગર બ્રહ્માકુમારીઝના સંચાલિકા આદરણીય રાજયોગીની કૈલાસદીદીજી અને કેપિટલ ઓફસેટ્સના માલિક રમેશ પટેલ દ્વારા તથા બ્રહ્માકુમારીઝ ઉર્જાનગર સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે.રંજનબેન, બી.કે.રાજુભાઈ, બી.કે.સંદીપભાઈ, બી.કે.ભરતભાઈ, શૈલેશભાઈ રાણાની પુણ્ય ઉપસ્થિતિમાં 'શિવ મલ્ટી સર્વિસિસ'નો શુભારભ કરવામાં આવ્યો હતો. જેમાં સૌને દરેક પ્રકારનું ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ રિપેરીંગ કામ જેવુ કે, એલઈડી ટીવી, ફ્રીઝ, એર કન્ડિશનર, પંખા, સ્વિચ બોર્ડ, માઈક્રોવેવ ઓવન, મોબાઈલ અને ડિશ રિચાર્જ, ગેસ, ઈલેક્ટ્રિક બિલ પેમેન્ટ, લેસર કાર્ટેજ રીફીલિંગ વ્યાજબી ભાવે અને સંતોષ કારક રીતે કરવાનો મુખ્ય આશય રહેલ છે.

## રવિવારે સેક્ટર-૧૨માં શ્રી રાજપૂત સમાજ ભવન ખાતે 'હેપ્પી રક્તદાન શિબિર' યોજાશે

### હિન્દી ફિલ્મ જગતના મહાનાયક અમિતાભ બચ્ચનના ૭૯મા જન્મદિવસ નિમિત્તે અમિતાભ બચ્ચન ફ્રેન્ડસ ક્લબ, ગાંધીનગરનું આયોજન

ગાંધીનગર, તા.૭

હિન્દી ફિલ્મજગતના મહાનાયક અમિતાભ બચ્ચનના ૭૯મા જન્મદિવસ નિમિત્તે "અમિતાભ બચ્ચન ફ્રેન્ડસ ક્લબ, ગાંધીનગર" દ્વારા શ્રી રાજપૂત સમાજ અને હેપ્પી યુથ ક્લબના સંયુક્ત ઉપક્રમે તા.૧૦મી ઓકટોબર ૨૦૨૧ રવિવારના રોજ સવારે ૯.૦૦ થી બપોરના ૧૨.૦૦ વાગ્યા દરમ્યાન ગાંધીનગરના સેક્ટર-૧૨મા શ્રી રાજપૂત સમાજ ભવન ખાતે "હેપ્પી રકતદાન શિબિર"નું આયોજન કરવામાં આવ્યું છે. આ "હેપ્પી રક્તદાન શિબિર"નો હેતુ થેલેસેમિયાગ્રસ્ત બાળકો સહિત જરૂરિયાતમંદ પરિવારોના દર્દીઓને રક્તની આકસ્મિક જરૂરિયાત માટે પૂરતો પુરવઠો મળી રહે તે માટે મદદરૂપ થવા ઉપરાંત યુવાનોમાં સેવા ભાવના પેદા કરવાનો છે. આ રક્તદાન શિબિરમાં રકતદાન કરનાર તમામ રક્તદાતાને પ્રમાણપત્ર સાથે "રક્તદાતા પ્રોત્સાહન કિટ" આપી સન્માનીત કરવામાં આવશે. આ "હેપ્પી રક્તદાન શિબિર"માં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક પૂરી પાડશે અને એકત્ર થયેલ રક્ત થેલેસેમિયાગ્રસ્ત બાળકો સહિત જરૂરિયાતમંદ દર્દીઓને અકસ્માત, ઓપરેશન કે ગંભીર બીમારીની સારવાર જેવા અણીના સમયે જીવન બચાવવા ઉપયોગી નીવડશે.



જે.બી. પ્રાથમિક શાળા દ્વારા વિદ્યાર્થીઓ ઘરના કાર્યોમાં મદદ કરી શકે તે માટે પ્રવૃત્તિ યોજાઈ હતી. શાળાના ધોરણ ૩ અને ધો-૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન પ્રવૃત્તિ યોજાઈ હતી. જેમાં ૬૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શાળાના આચાર્યા નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## કર્ણાવતી ડેન્ટલ કોલેજ ખાતે નશાબંધી સપ્તાહનો પૂર્ણાહૂતી કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૭

કર્ણાવતી ડેન્ટલ કોલેજ ઉવારસદ ખાતે સવારે ૧૧.૩૦ કલાકે નશાબંધી સપ્તાહ પૂર્ણાહૂતિ કાર્યક્રમ અને નાટક આયોજીત છે જે સરસ્વતી ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી યોજાનાર છે. નશાબંધી સપ્તાહની ઉજવણી તારીખ ૨થી ૮ દરમિયાન કરવાનું આયોજન કરાયું હતું. જેમાં તારીખ ૨ થી ૭ સુધીમાં નશાબંધી સપ્તાહના વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા અને સમાજમાં જન જાગૃતિ માટે સંદેશો મળે તે હેતુસર નાટક યોજાયા હતા. આ કાર્યક્રમોમાં નિયતી ફાઉન્ડેશન, ગુર્જર વિકલાંગ નાટય કલાકાર મંડળ, મહિલા કેળવણી મંડળ કલોલ, ઓમ ફાઉન્ડેશન, જન કલ્યાણ સેવા સંઘ, પ્રદીપ કલા સેન્ટર, સરસ્વતી ટ્રસ્ટ સહયોગી બન્યા છે. નશાબંધી પૂર્ણાહૂતિ સપ્તાહ સમારોહમાં ઉદઘાટક કુલદીપ આર્યા (આઈએએસ) કાર્યક્રમના અતિથિ તરીકે પુલક ત્રિવેદી (સચિવ ગુજરાત પ્રેસ અકાદમી), કૃષ્ણકાંત જહા (મેનેજીંગ તંત્રી-ગાંધીનગર સમાચાર દૈનિક), પારૂલ પમાર (પેરાઓલમ્પિક બેડમિન્ટન ખેલાડી) ઉપસ્થિત રહેશે.

## સે-૨૭ આનંદનગરમાં ગટરની કામગીરીના પગલે માર્ગો બિસ્માર



ગાંધીનગર, તા.૭

આનંદનગર સોસાયટીમાં ગટરનું કામ કરવાથી રોડ તૂટી ગયા છે. વારંવાર જીએમસીમાં રજુઆત કરવા છતાં તંત્ર દ્વારા રહીશોની રજુઆત સાંભળવામાં આવતી નથી. આ ખાડામાં પાણી ભરાવાથી મચ્છરનો ઉપદ્રવ વધી ગયો છે જેથી આ વિસ્તારના રહેવાસીઓમાં રોગચાળાની ભીતી જણાઈ રહી છે. તેથી તાત્કાલિક આ સમસ્યાનું સમાધાન કરવાની માંગ કરવામાં આવી છે.

## આજે સેક્ટર-૧૬માં રંગમંચ ખાતે વિશેષ ગરબા-૨૦૨૧ યોજાશે

ગાંધીનગર, તા.૭

આજથી જગતજનની આદ્યશક્તિ મા જગદંબાની આરાધનાના પાવન પર્વ નવરાત્રિનો શુભારંભ થઈ રહ્યો છે. કોરોના મહામારીના કારણે નડેલા લાંબા અંતરાય પછી શહેરના ગરબા પ્રેમીઓ આ વર્ષે શેરી ગરબામાં ફરીથી રાસ ગરબાની રમઝટ મચાવશે. નવરાત્રિ પર્વને અનુલક્ષીને ગાંધીનગરમાં માનસિક રીતે વિશિષ્ટ બાળકો માટે કાર્યરત સંસ્થા જે.ડી.પટેલ પ્રગતિ ફાઉન્ડેશન દ્વારા વિશેષ ગરબા - ૨૦૨૧નું આયોજન કરવામાં આવ્યું છે.

જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન દ્વારા સાધના પેરેન્ટ્સ એસોસિયેશન ફોર મેન્ટલી ચેલેન્જડ પર્સન્સના સહયોગથી આયોજિત વિશેષ ગરબા - ૨૦૨૧ તા.૮મી ઓકટોબર શુક્રવારના રોજ સાંજે ૬ થી ૯ કલાક દરમ્યાન સેકટર-૧૬માં રંગમંચ ખાતે યોજાશે. આ ગરબામાં વિશેષ થેરાપી સેન્ટરના માનસિક રીતે વિશિષ્ટ બાળકો જોડાશે અને નવરાત્રીમાં ડીજેના તાલે ગરબે રમવાના પોતાના ઓરતાં પુરા કરશે.

## એસ.એસ.વી શાળામાં નવરાત્રિના પ્રથમ દિવસે મા અંબેની સ્થાપના



ગાંધીનગર, તા.૭

ગાંધીનગર ખાતે આવેલી એસ.એસ.વી કેમ્પસમાં આજે નવરાત્રિના પ્રથમ દિવસે માં અંબેની સ્થાપના કરવામાં આવી હતી. શાળામાં શાળાના સંચાલકો, પ્રિન્સીપાલશ્રી, શિક્ષકગણ તેમજ વિદ્યાર્થિઓ દ્વારા માતાજીની સ્થાપના કરી, માતાજીની આરતી કરી, માતાજીની આરાધના કરવામાં આવી હતી.

## આજે બીજા નોરતે માં બ્રહ્મચારિણીના પૂજન અર્ચન થશે

### વરસાદી વિઘ્ન વચ્ચે પણ ભકતોમાં અનેરો ઉત્સાહ : શેરી ગરબાની બોલબાલા થઈ

ગાંધીનગર, તા.૭

માં જગદંબાની આરાધનાનું પર્વ નવરાત્રીની મંત્રોચ્ચારના ધ્વનિ અને ગરબાની રમઝટ વચ્ચે પ્રથમ દિવસે રંગેચંગે શરૂઆત થઈ છે. ઘટસ્થાપન અને માતાજીની સ્થાપના કરી માં દુર્ગાના પ્રથમ સ્વરૂપ શૈલપુત્રીના પૂજન અર્ચન કરવામાં આવ્યા. રાત્રીએ માતાજીના ગરબા ગાઈ પર્વની ઉજવણી શરુ કરાઈ હતી. ગ્રામ્ય વિસ્તારોમાં માંડવડી તેમજ માટલા સ્વરૂપે ગરબાની માનતાનો આજથી પ્રારંભ થયો છે. દરમિયાન વરસાદી વિઘ્નની શકયતા હોવા છતાં પણ ભકતોમાં અનેરો ઉત્સાહ છલકાતો હતો ત્યારે આજે બીજા નોરતે માં બ્રહ્મચારિણીના પૂજનઅર્ચન કરી ગરબાની રમઝટ બોલાવાશે.



ભગવાન શંકરને પતિ રૂપમાં પામવા આ દેવીએ ઘોર તપસ્યા કરી હતી. આ કઠીન તપસ્યાના કારણે આ શકિતને તપશ્ચરિણી એટલે કે બ્રહ્મચારિણીના નામથી પૂજા કરાય છે. ત્યાગ અને તપસ્યાની દેવી તરીકે પણ પૂજાય છે. માં બ્રહ્મચારિણીના વસ્ત્રો સફેદ છે અને જમણા હાથમાં અષ્ટદળની માળા અને ડાબા હાથમાં કમંડળ શોભે છે. બ્રહ્મનો અર્થ છે તપસ્યા અને ચારીણી એટલે આચરણ કરવાવાળી અર્થાત બ્રહ્મચારિણી. તપ, ત્યાગ, વૈરાગ્ય, સદાચાર અને સંયમની વૃધ્ધિ માટે આ દેવીની પૂજા કરાય છે તેમજ મન પણ કર્તવ્યપથ પરથી વિચલીત થતું નથી તે ભકિતનો પ્રતાપ છે. લીલા વસ્ત્રો પહેરીને પૂજા કરવાથી ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે તેમજ માતાજીને ખાંડનો પ્રસાદ ધરાવાય છે. નવરાત્રીના પ્રારંભથી ઉપવાસ અને અનુષ્ઠાનનો પણ પ્રારંભ થયો છે અને સાધકો માં દુર્ગાની ભકિતમાં લીન બન્યા છે તો ખૈલેયા ગરબાની રમઝટ બોલાવી પર્વની ઉજવણી કરી રહ્યા છે.


## જન્મદિને વધામણી



નિરાલી ધનંજય જોષી
મો. ૯૯૨૪૫ ૫૮૫૧૧



એમ ડી વાઘેલા
મો. ૯૮૨૫૦ ૦૫૯૧૯



દિપલ ટાટરીયા



હેનિશ અજયકુમાર પંચાલ



પરમવીરસિંહ રાહુલસિંહ રાણા
મો. ૯૩૨૮૩ ૪૯૮૪૨



પ્રિશા મૌલિક રાજપુત
મો. ૯૪૨૮૬ ૧૨૫૬૨



મયૂરી કેયુર શાહ



નીરવ શાહ